# ભારતીય રિઝર્વ બેંક

www.rbi.org.in

ભારિબેં/2015-2016/391
વિસવિવિ.સં.એફએસડી.બીસી.24/05.05.014/2015-16 05 મે 2016

અધ્યક્ષ / પ્રબંધ નિર્દેશક
મુખ્ય કાર્યપાલક અધિકારી
[સર્વે અનુસૂચિત વાણિજ્ય બેંકો (પ્રાદેશિક ગ્રામીણ બેંકો સિવાય)]

મહોદયા / પ્રિય મહોદય,

**વિશેષ કૃષિ ઋણ યોજના (એસએસીપી) પર પત્રકો બંધ કરવા**

કૃષિના ઋણ પ્રવાહને વધારવા માટે તેમજ તેની ઉપર દેખરેખ રાખવા માટે સરકારી ક્ષેત્રની બેંકો માટે 1994 માં વિશેષ કૃષિ ઋણ યોજના (Special Agricultural Credit Plan - એસએસીપી) શરૂ કરવામાં આવી અને 2004 માં ખાનગી ક્ષેત્રની બેંકો માટે લાગૂ કરવામાં આવી. એસએસીપીના અંતર્ગત બેંકો માટે એ જરૂરી છે કે તેઓ, પાછલા વર્ષમાં કરવામાં આવેલા વિતરણોમાં લગભગ 25 ટકાની વૃદ્ધિની સાથે, વર્ષ (એપ્રિલ-માર્ચ) દરમિયાન પ્રાપ્ત કરવા માટે સ્વયં-નિર્ધારિત લક્ષ્ય નક્કી કરે. બેંકોએ પ્રતિ વર્ષ માર્ચ અને સપ્ટેમ્બરના અંતમાં રિઝર્વ બેંક (વિસવિવિ) ને તેના અમલની બાબતમાં નોંધાયેલ પ્રગતિની જાણકારી આપતાં અર્ધ-વાર્ષિક પત્રકો પ્રસ્તુત કરવા જરૂરી હતા .

2. અમોને સંબંધિત માહિતી પ્રાથમિકતા-પ્રાપ્ત ક્ષેત્રને લગતા પત્રકોમાંથી પ્રાપ્ત થતી હોવાથી, એપ્રિલ, 2016 થી ઉપરોક્ત પત્રકો રજુ કરવાનું બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે . તે મુજબ, બેંકોને જણાવવામાં આવે છે કે નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ, ભારતીય રિઝર્વ બેંકને ઉપર જણાવ્યા અનુસાર વર્ષ 2016-17 માટે અર્ધ-વાર્ષિક પત્રકો પ્રસ્તુત ન કરે. માર્ચ, 2016 પર સમાપ્ત થતા અર્ધ-વાર્ષિક સમયગાળા માટેના ઋણ વિતરણ પત્રકો રિઝર્વ બૅન્ક ને મોકલી આપવા.

3. કૃપા કરીને પ્રાપ્તિ સૂચના આપશો.

આપનો વિશ્વાસુ ,

(જોસ કે. કટ્ટૂર)
મુખ્ય મહાપ્રબંધક